Regd. R.N.I. No. : GUJGUJ/18009

# ન્યૂઝ ક્લીક

News Click Weekly – સાપ્તાહિક

Year : 2 • Issue :45• Date : 27-02-2025 • Page - 4 • Yearly Subscription : Rs. 50/- • Rs. 1-00 • E-mail : newsclick@gmail.com

"GURU KRUPA" RAJPUT PARA, NEAR MATAJI TEMPLE, MANI BAZAR, MALIA - 362245. DIST. JUNAGADH. EDITOR : HEMANSHU HARISHBHAI PATIL

## CAG રિપોર્ટમાં થયો ચોંકાવનારો ખુલાસો

# ઉત્તરાખંડમાં વનીકરણ ભંડોળમાંથી આઈફોન, લેપટોપ ખરીદાયા હતા

દેહરાદુન

જનતાના રૂપિયાનો સરકારી તંત્ર દ્વારા દુરુપયોગ થવો, એ હવે ભારતમાં કોઈ નવાઈની વાત નથી રહી. તાજેતરમાં પણ આવો એક દુરુપયોગ સામે આવ્યો છે. ઉત્તરાખંડમાં વનીકરણ માટે નિશ્ચિત કરાયેલા ભંડોળમાંથી રાજ્યના વન વિભાગે પોતાના અંગત વપરાશ હેતુ વિવિધ ચીજવસ્તુઓ ખરીદી લીધી હોવાનું જાણવા મળ્યું છે! આ હકીકતનો ખુલાસો ભારતના 'કોમ્પ્ટ્રોલર એન્ડ ઑડિટર જનરલ' (CAG) દ્વારા હાથ ધરવામાં આવેલા ઑડિટમાં થયો છે. 'દેવભૂમિ' કહેવાતું ઉત્તરાખંડ રાજ્ય ત્યાંના પર્યાવરણ અને ખુશનુમા આબોહવાને લીધે જાણીતું છે. કુદરતે આ પર્વતાળ રાજ્યને લખલૂંટ કુદરતી સૌંદર્યની લહાણી કરી છે. જોકે, છેલ્લા થોડા વર્ષોમાં વિકાસના નામે આ રાજ્યની કુદરતી સંપદાઓનો કચ્ચરઘાણ કાઢવામાં આવી રહ્યો છે. તાજેતરમાં એવો જ એક કિસ્સો સામે આવ્યો છે, જેમાં રાજ્યના વન વિભાગે વનીકરણ માટે ફાળવાયેલા ભંડોળનો ઉપયોગ અસંબંધિત ચીજવસ્તુઓ ખરીદવા માટે કર્યો હતો. કરોડો રૂપિયાના ખર્ચે આઈફોન, લેપટોપ, રેફ્રિજરેટર્સ અને કૂલર ખરીદવામાં આવ્યા હતા. ઉપરાંત, વન વિભાગની ઈમારતોના રિનોવેશનમાં અને કાનૂની ફીની ચૂકવણીમાં પણ વનીકરણ માટેનું ભંડોળ નિયમોનો ભંગ કરીને વાપરવામાં આવ્યું હતું.

'કોમ્પ્ટ્રોલર અને ઑડિટર જનરલ' (CAG) દ્વારા હાથ ધરવામાં આવેલા ઑડિટમાં આ સત્ય સામે આવ્યું છે. અહેવાલમાં વર્ષ ૨૦૧૯થી ૨૦૨૨ સુધીની 'કોમ્પેન્સેટરી એફોરેસ્ટેશન ફંડ મેનેજમેન્ટ એન્ડ પ્લાનિંગ ઓથોરિટી' (CAMPA) ની કામગીરીને આવરી લેવામાં આવી છે. અહેવાલ ગુરુવારે વિધાનસભામાં સબમિટ કરવામાં આવ્યો હતો.

CAGના અહેવાલ મુજબ, કુલ ૧૩.૮૬ કરોડ રૂપિયા વનીકરણ પર ખર્ચવાને બદલે ભળતી જ પ્રવૃત્તિઓમાં વેડફવામાં આવ્યા હતા. જોકે, અહેવાલમાં આ ખર્ચાઓનું વિગતવાર વિવરણ આપવામાં આવ્યું નથી.

CAMPA કેન્દ્રિય પર્યાવરણ, વન અને આબોહવા પરિવર્તન મંત્રાલય હેઠળ આવે છે. CAMPA નું કામ જંગલની જમીનને બિન-જંગલ હેતુઓ માટે રૂપાંતરિત કરનાર વિકાસકર્તાઓ પાસેથી એકત્રિત ભંડોળનું સંચાલન કરવાનું છે. જંગલની જેટલી જમીન રૂપાંતરિત થઈ હોય એટલી જમીનમાં બીજે કશે વનીકરણ કરવાની જવાબદારી CAMPA ની હોય છે.

CAGના અહેવાલમાં સ્પષ્ટ જણાવાયું છે કે નવી જગ્યાએ જે વનીકરણ કરવામાં આવે છે એના વૃક્ષોનો ટકી જવાનો દર ખાસ્સો નીચો છે. વૃક્ષોની બચવાની સરેરાશ ટકાવારી ફક્ત ૩૩.૫૧ % જ છે. એનો અર્થ એ કે જેટલા નવા વૃક્ષો રોપાય છે એમાંના ફક્ત ત્રીજા ભાગના વૃક્ષો જ ટકી જાય છે અને વિકસીને મોટા થાય છે. ઉત્તરાખંડના પાટનગર દેહરાદૂનમાં આવેલ 'ફોરેસ્ટ રિસર્ચ ઈન્સ્ટિટ્યૂટ' (FRI) દ્વારા નિશ્ચિત કરાયું છે કે વનીકરણની સફળતાનો દર ૬૦ થી ૬૫ % હોવો જોઈએ. ૩૩.૫૧ % એટલે અપેક્ષિત દર કરતાં અડધો જ થયો! મતલબ કે પર્યાવરણને સીધો પચાસ ટકા ફટકો પડી રહ્યો છે!

અહેવાલમાં લખ્યું છે કે, રાજ્યભરમાં ૧૮૮.૬૨ હેક્ટર જંગલ સફાચટ કરીને રસ્તા બનાવાયા છે. આવા કામ માટે 'ફોરેસ્ટ કન્ઝર્વેશન એક્ટ' હેઠળ કેન્દ્ર સરકારની પરવાનગી જરૂરી હોય છે, જે ઉત્તરાખંડમાં લેવામાં આવી નથી! જરૂરી મંજૂરીઓ વિના જ જંગલો કાપીને રસ્તા બનાવી દેવાયા છે. આઘાતજનક વાત એ છે કે, વન વિભાગે પણ જંગલની જમીનના આવા અનધિકૃત ઉપયોગ સામે કોઈ જ પગલાં લીધા નથી, અને તેને વન-ગુનામાં ગણ્યા નથી. ઉત્તરાખંડમાં ભાજપા સરકાર છે અને કેન્દ્રમાં પણ ભાજપા જ છે, એટલે કોઈને આવી પરવાનગીઓ લેવાની કે પછી ગુનાઓ નોંધવાની જરૂર નહીં લાગી હોય, એવું લાગે છે.

CAGના અહેવાલમાં એ પણ નિર્દેશ કરવામાં આવ્યો છે કે કેટલાક કિસ્સાઓમાં વળતરકારી વનીકરણ માટેની અંતિમ મંજૂરી મળ્યા પછી તેનો અમલ કરવામાં આઠ વર્ષ કરતાં વધુ સમય લાગ્યો છે. આ વિલંબને કારણે વનીકરણના ખર્ચમાં ૧૧.૫૪ કરોડ રૂપિયાનો વધારો થયો હતો.

અહેવાલમાં જણાવાયું છે કે ઉત્તરાખંડની રાજ્ય સરકારે 'માટી અને જળ સંરક્ષણ', 'ઘાસના મેદાનોની જાળવણી', તથા 'વન વિભાગની ઈમારતોના બાંધકામ અને નવીનીકરણ' જેવી વિવિધ વનસંવર્ધન પ્રવૃત્તિઓમાંથી હાથ ખંખેરીને એ બધી જવાબદારી CAMPA ને સોંપી દીધી છે. જેને પરિણામે, વર્ષ ૨૦૧૯ થી ૨૦૨૨ દરમિયાન રાજ્યની યોજનાઓ પરનો ખર્ચ તો ૧૬.૮૧ % ઘટ્યો હતો, પણ એની સામે CAMPA ના ખર્ચમાં ૩૭૯.૬૩ % નો તોતિંગ વધારો થઈ ગયો હતો.



(તસવીર - અહેવાલ :- અમદાવાદ માહિતી બ્યુરો)

અમદાવાદ સિવિલ હોસ્પિટલ માં થયેલા ૧૭૮ માં અંગદાનની વિગતો જોઈએ તો ગાંધીનગર, કલોલના વતની એવા ભરતભાઈ હિરાલાલ પટેલ તારીખ ૨૧ ફેબ્રુઆરી ના રોજ ચંડોળા તળાવ, વટવા, ઈસનપુર, અમદાવાદ ખાતે રોજીંદા મજુરી કામે જતા એક્સિડેન્ટ થતા માથાના ભાગે ઈજા થઇ હતી જેથી તા.૨૧/૦૨/૨૦૨૫ ના રોજ સારવાર અર્થે સિવિલ હોસ્પિટલ અમદાવાદ ખાતે લાવવામાં આવ્યા હતા. સિવિલ હોસ્પિટલમાં આઇ.સી.યુ માં સઘન સારવાર દરમિયાન ૨૩.૦૨.૨૦૨૫ ના રોજ ડૉક્ટરોએ ભરત પટેલને બ્રેઈનડેડ જાહેર કર્યા હતા. ડૉક્ટરોની ટીમે ભરત પટેલના પરિવારજનોને તેમની બ્રેઈન ડેડ અવસ્થા વિશે જણાવેલ. ભરતભાઇ ના પરીવારમાં અગાઉ પણ બે સ્વજનો બીમારી ના કારણે અંગો ખરાબ થતા ટ્રાન્સપ્લાન્ટ માટે અંગો ની પ્રતિક્ષામાં અંગો ન મળતા મ્રુત્યુ પામ્યા હતા. ભરતભાઇના સાળા ડૉ. પી. આર. પટેલ તેમજ સિવિલ હોસ્પિટલમાં સ્ટાફ નર્સ તરીકે ફરજ બજાવી ચુકેલ અને હાલમાં યુ.એન.મહેતા હોસ્પિટલ ખાતે નોકરી કરતા એવા તેમના ભાણી શ્રેયાબેન પટેલ પહેલે થી જ પોતાના પરીવાર માં અંગો ન મળવા થી સ્વજનો ગુમાવી ચુકેલ હોવાથી અંગદાનનું મહત્વ સારી રીતે સમજતા હતા. આથી આવી પડેલી આવી કઠીન પરિસ્થિતિમાં પણ અંગદતનો નિર્ણય લેવામાં જરા પણ સમય બગાડ્યા વગર તેમણે પરિસ્થિતિને સ્વીકારી અંગોની પ્રતિક્ષામાં મૃત્યુની રાહ જોતા દર્દીના જીવન માં ભરતભાઇના અંગો દાન થકી ઉજાશ ફેલાવવાનો પરોપકારી નિર્ણય કર્યો. તેમના આ નિર્ણયને હાજર ૨૫ જેટલા પરીવારજનો એ એક સુર માં સંમતિ આપી. ''અમદાવાદ સિવિલ હોસ્પિટલનાં તબીબી અધિક્ષક ડૉ.રાકેશ જોષી એ જણાવ્યું હતું કે, આ અંગદાન થકી સિવિલ હોસ્પિટલ દ્વારા અત્યાર સુધીમાં ૫૭૯ અંગોનું દાન મળેલ છે. જેના થકી ૫૬૧ વ્યકિતઓને જીવનદાન મળ્યુ છે. દાનમાં મળેલ બે કિડની અને એક લીવરને સીવીલ મેડીસીટી કેમ્પસની કિડની હોસ્પિટલમાં જરૂરિયાતમંદ દર્દીમાં પ્રત્યારોપણ કરવામાં આવશે. ઉલ્લેખનીય છે, સિવિલમાં અત્યાર સુધી ૩૨૨ કિડની, ૧૫૫ લીવર, ૫૪ હૃદય, ૩૦ ફેફસા , ૧૦ સ્વાદુપિંડ, બે નાના આંતરડા, ૬ હાથ, પાંચ સ્કીન અને ૧૨૦ આંખોનું દાન મળ્યું છે.

## તંત્રીની કલમે................

# ભારત - કતાર વચ્ચે મિત્રતા

આરબ દેશોમાં રાજદ્વારી અને વ્યૂહાત્મક રીતે ચાવીરૂપ બની રહેલા કતારની સાથે ભારતના સંબંધ સતત મજબૂત બની રહ્યા છે. કતારના અમીર શેખ તમીમ બિન હમાદ અલ થાનીની બે દિવસની મુલાકાતને ભારતે ભારે રાજદ્વારી મહત્ત્વ આપીને આ સંબંધોને વધુ ગાઢ બનાવવા તરફ વધુ એક નક્કર પગલું લીધું છે. સતત બદલાતાં જતાં વૈશ્વિક સમીકરણો વચ્ચે પશ્ચિમ એશિયામાં સ્થિતિ વધુ ને વધુ સંવેદનશીલ બની રહી છે. આવામાં હમાસ અને ઈઝરાયલ વચ્ચેના સંઘર્ષે આખી દુનિયાની ચિંતા વધારી હતી, ત્યારે તેમની વચ્ચે કતારે મધ્યસ્થીની સફળ ભૂમિકા ભજવી છે. એક તરફ અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ ગાઝાને ખાલી કરાવીને તેના નવનિર્માણની વાતો કરવા લાગ્યા છે, ત્યારે આરબ વિશ્વની અંદર આ મામલે ભારે ચર્ચા અને ચિંતા છે. કતારે સ્પષ્ટ કર્યું છે કે, ગાઝાના ભવિષ્યનો નિર્ણય પેલેસ્ટાઈનીઓ જ કરી શકે, તો ભારતે પેલેસ્ટાઈનના મામલે પોતાની બે રાષ્ટ્રની હિમાયતનો પુનરોચ્ચાર કર્યો હતો. કતારની આરબ અને મુસ્લિમ જગતમાં વધી રહેલી વગનો ખ્યાલ તેની ઈઝરાયલ અને હમાસ વચ્ચેની મુશ્કેલ મધ્યસ્થી પરથી આવી જાય છે. આવામાં ભારતના આ ચાવીરૂપ દેશ સાથે વધી રહેલા સંબંધો બંને દેશની સાથોસાથ આરબ અને બાકીના વિશ્વ માટે ઉપયોગી બની શકે તેમ છે. ઉલ્લેખનીય છે કે, મુસ્લિમ દેશોમાં ભારે પ્રભુત્વ ધરાવતી ગલ્ફ કો-ઓપરેશન કાઉન્સિલ (જીસીસી)ના સભ્ય દેશોમાં ભારતની મિત્રતાનો વ્યાપ સતત વધી રહ્યો છે. ભારતે હવે આ મિત્રતાને વ્યૂહાત્મક ભાગીદારીનું સ્વરૂપ આપવાનું શરૂ કર્યું છે. આ સંદર્ભમાં કતાર ભારત સાથે આવી વ્યૂહાત્મક ભાગીદારીનો કરાર કરનાર જીસીસીનો પાંચમો દેશ બન્યો છે. આ અગાઉ ભારતે ઓમાન, કુવૈત, સાઉદી અરેબિયા અને યુએઈ સાથે આવા કરાર કરેલા છે. કતાર અને ભારતે આગામી પાંચ વર્ષમાં દ્વિપક્ષીય વેપારને બે ગણો કરવાનો નિર્ણય લીધો છે, તો કતાર આ સમયગાળા દરમ્યાન ભારતમાં ૧૦ અબજ ડોલરનું રોકાણ પણ કરશે. સૌથી મહત્ત્વની બાબત એ છે કે, બંને દેશે સરહદ પારના આતંકવાદ સહિત તમામ ઉગ્રવાદની સાથે મળીને આકરી ટીકા પણ કરી છે. આમે કતારની સાથે ભારત અને ભારતીયોના સંબંધ દાયકાઓથી રહેલા છે. આજે ત્યાં સાત લાખ જેટલા ભારતીય વસવાટ કરે છે જે તેની કુલ વસતીનો ૨૫ ટકા જેટલો હિસ્સો થાય છે. આમ કતારના વિકાસમાં ભારતનો પ્રત્યક્ષ અને પરોક્ષ હાથ રહેલો છે. હવે જ્યારે ભારતે આ ખાડીના આ ચાવીરૂપ દેશ સાથે વ્યૂહાત્મક ભાગીદારીના કરાર કર્યા છે, ત્યારે વેપારના સંબંધો પણ વધુ સરળ અને મજબૂત બનશે.

### ફિરોઝાબાદમાં બાપ જાનવર બની ગયો

# સગીર પુત્રીને ઊંઘની ગોળીઓ આપીને ત્રણ વર્ષથી બળાત્કાર ગુજારતો હતો

એજન્સી દ્વારા

ફિરોઝાબાદ

ફિરોઝાબાદમાં એક કલંકિત ઘટના સામે આવી છે, જેમાં એક પિતાએ પવિત્ર પિતા-પુત્રીના સંબંધને લાંછન લગાડ્યું છે. અહીં એક પિતાએ પોતાની જ સગીર પુત્રીને છેલ્લા ત્રણ વર્ષથી ઊંઘની ગોળીઓ આપીને સતત બળાત્કાર ગુજાર્યો હતો. આ હેવાનિયતનો ભોગ બનેલી ૧૭ વર્ષીય પુત્રીએ જ્યારે આ વાત પાડોશીઓને જણાવી, ત્યારે સમગ્ર મામલો પ્રકાશમાં આવ્યો હતો. પાડોશીઓએ યુવતીને હિંમત આપી અને પોલીસને જાણ કરી, જેના પગલે પોલીસે તાત્કાલિક કાર્યવાહી કરીને આરોપી પિતાની ધરપકડ કરી હતી.

આ ઘટના ફિરોઝાબાદના નોર્થ પોલીસ સ્ટેશન વિસ્તારના કબીર નગર વિસ્તારમાં બની હતી. અહીં ભાડાના મકાનમાં રહેતા ભોલા ચૌહાણ નામના વ્યક્તિ વિરુદ્ધ તેની સગીર પુત્રીએ ગંભીર આરોપ લગાવ્યા હતા. પીડિતાએ જણાવ્યું કે તેના પિતા છેલ્લા ત્રણ વર્ષથી તેને ઊંઘની ગોળીઓ આપીને તેના પર બળાત્કાર ગુજારતા હતા. આરોપી પિતાએ પુત્રીને ધમકી પણ આપી હતી કે જો તેણે આ વાત કોઈને કહી તો તે તેની નાની બહેનને પણ નુકસાન પહોંચાડશે. પિતાની ક્રૂરતાથી ત્રસ્ત પુત્રીએ આખરે પાડોશીઓ સમક્ષ પોતાની આપવીતી જણાવી હતી.

પાડોશીઓએ પીડિતાની વાત સાંભળીને તરત જ મદદ માટે હાથ લંબાવ્યો હતો. તેઓએ યુવતીને સલાહ આપી કે જ્યારે પણ તેનો પિતા તેની સાથે દુષ્કર્મ કરે ત્યારે તેનો વીડિયો બનાવી લે. યુવતીએ વીડિયો બનાવ્યો અને પાડોશીઓને બતાવ્યો, જેનાથી તેઓ સ્તબ્ધ થઈ ગયા હતા. પાડોશીઓએ તાત્કાલિક પોલીસને જાણ કરી.

પોલીસે ઘટનાની ગંભીરતાને ધ્યાનમાં લઈને ત્વરિત કાર્યવાહી કરી હતી. પોલીસ યુવતીને પોલીસ સ્ટેશન લઈ ગઈ અને તેની ફરિયાદ નોંધી. પોલીસે યુવતીને મેડિકલ તપાસ માટે હોસ્પિટલમાં મોકલી આપી છે અને મેડિકલ રિપોર્ટની રાહ જોઈ રહી છે. પોલીસ સ્ટેશન ઉત્તરના ઈન્ચાર્જ રાજેશ પાંડેના જણાવ્યા અનુસાર, બાતમી મળતા જ આરોપી ભોલા ચૌહાણની ધરપકડ કરવામાં આવી હતી. પોલીસે આરોપી વિરુદ્ધ પોક્સો એક્ટ સહિત વિવિધ કલમો હેઠળ ગુનો નોંધીને તેને જેલમાં મોકલી આપ્યો છે અને આગળની કાર્યવાહી હાથ ધરી છે.

આ ઘટનાએ સમગ્ર વિસ્તારને હચમચાવી નાંખ્યો છે અને પિતા-પુત્રીના સંબંધોને કલંકિત કર્યા છે. લોકો આરોપી પિતા માટે કડકમાં કડક સજાની માંગ કરી રહ્યા છે.

### હજુ ૬૦૬૮ કિ.મી. રસ્તા કાચા

# મુખ્યમંત્રી-પ્રધાનમંત્રી ગ્રામ સડક યોજનાના ૨૫૦૬ કરોડ વપરાયા નહીં

નવી દિલ્હી

મુખ્યમંત્રી ગ્રામ સડક યોજનામાં રૂપિયા ૫૦૦૫ કરોડની બજેટ જોગવાઈ સામે રૂા.૩૧૦૮ કરોડનો ખર્ચ કરવામાં આવ્યો છે. જ્યારે પ્રધાનમંત્રી ગ્રામ સડક યોજનામાં કુલ રૂપિયા ૫૭૫૧ કરોડના મંજૂર પ્રોજેક્ટ મૂલ્ય સામે રૂ. ૫૧૦૨ કરોડનો ખર્ચ રાજ્ય સરકાર દ્વારા કરવામાં આવ્યો છે. જેને કારણે રાજ્યમાં હજી કાચા રસ્તાઓની લંબાઈ ૬૦૬૮ કિ.મી છે જે કુલ રસ્તાના ૧૧.૬૨ % છે. આ ઉપરાંત વર્ષ ૨૦૧૪-૧૫ સુધી જે કેન્દ્રનો હિસ્સો ૧૦૦ ટકા હતો તે વર્ષ ૨૦૧૫-૧૬ થી કેન્દ્રનો હિસ્સો ૬૦ ટકા અને રાજ્યનો ૪૦ ટકા કરવામાં આવ્યો છે. રાજ્યમાં વર્ષ ૨૦૨૨-૨૩ના અંતે નોન-પ્લાન રસ્તાની કુલ લંબાઈ ૪૯,૫૮૦ કિ.મી. હતી. વધુમાં, વર્ષ ૨૦૨૩-૨૪ દરમિયાન મુખ્યમંત્રી ગ્રામ સડક યોજના, કિસાનપથ યોજના વગેરે અંતર્ગત નવા ૨૬૪૪ કિ.મી.ના રસ્તાઓ પૂર્ણ કરવામાં આવતાં વર્ષ ૨૦૨૩-૨૪ના અંતે નોન-પ્લાન રસ્તાઓની કુલ લંબાઈ વધીને ૫૨,૨૨૪ કિ.મી. થઈ હતી. વર્ષ ૨૦૨૩-૨૪ના અંતે નોન-પ્લાન રસ્તાઓની કુલ લંબાઈ ૫૨૨૨૪ કિ.મી. પૈકી પાકા રસ્તાઓની લંબાઈ ૪૬૧૫૬ કિ.મી. (૮૮.૩૮ ટકા) હતી, જ્યારે કાચા રસ્તાઓની લંબાઈ ૬૦૬૮ કિ.મી. (૧૧.૬૨ ટકા) હતી.માહિતી પ્રમાણે વર્ષ ૨૦૨૩-૨૪ના અંતે ૮૦૭૦૬ કિ.મી.ના કુલ રસ્તાઓ પૈકી ૬૭૨૨ કિ.મી. રાષ્ટ્રીય ધોરી માર્ગો, ૧૫૭૩૮ કિ.મી. રાજ્ય ધોરી માર્ગો, ૨૦૧૫૩ કિ.મી. મુખ્ય જિલ્લા માર્ગો, ૧૦૦૫૨ કિ.મી. અન્ય જિલ્લા માર્ગો અને ૨૮૦૪૧ કિ.મી. ગ્રામ્ય માર્ગો હતાં.

પ્રધાનમંત્રી ગ્રામ સડક યોજનાનો પ્રારંભ કેન્દ્ર સરકાર દ્વારા વર્ષ ૨૦૦૦-૨૦૦૧થી કરવામાં આવી છે. આ યોજના હેઠળ લાયકી ધોરણમાં આવતા હોય તેવા ૫૦૦ થી વધુ વસતિના નોર્મલ તથા ૨૫૦ થી વધુ વસતિવાળા આદિજાતિ પરાઓને વસતિ ગણતરી ૨૦૦૧ની સ્થિતિએ બારમાસી રસ્તાઓથી જોડાણ આપવાનું નક્કી કરવામાં આવ્યું હતું.વર્ષ ૨૦૦૦ થી ૨૦૧૪-૧૫ સુધી કેન્દ્રનો હિસ્સો ૧૦૦ ટકા હતો, જ્યારે વર્ષ ૨૦૧૫-૧૬થી કેન્દ્રનો હિસ્સો ૬૦ ટકા અને રાજ્યનો ૪૦ ટકા કરવામાં આવ્યો છે. આ યોજના હેઠળ વર્ષ ૨૦૨૪-૨૫ સુધી (૧૭મી જાન્યુઆરી, ૨૦૨૫ અંતિત), મંજૂરી મળેલ ૧૫૫૫૪ કિ.મી.ના રસ્તા સામે ૧૫૩૩૦ કિ.મી.ના રસ્તાઓ પૂર્ણ કરવામાં આવ્યા છે અને કુલ રૂા. ૫૭૫૧.૦૦ કરોડના મંજૂર પ્રોજેક્ટ મૂલ્ય સામે રૂા. ૫૧૦૨.૦૦ કરોડનો ખર્ચ કરવામાં આવ્યો છે. રાજ્ય સરકાર દ્વારા વર્ષ ૨૦૧૬-૧૭થી મુખ્યમંત્રી ગ્રામ સડક યોજના શરૂ કરવામાં આવી હતી. આ યોજના હેઠળ વર્ષ ૨૦૨૪-૨૫ (ડિસેમ્બર-૨૦૨૪ અંતિત) દરમિયાન ૭૦૦૦ કિ.મી.ના રસ્તાઓના લક્ષ્યાંક સામે કુલ ૩૭૬૮ કિ.મી. રસ્તાઓ પૂર્ણ કરવામાં આવ્યા છે અને રૂા.૫૦૦૫ કરોડની બજેટ જોગવાઈ સામે રૂા.૩૧૦૮ કરોડનો ખર્ચ કરવામાં આવ્યો છે.

# ઓડિશાના દરિયાકિનાર આશરે ૭ લાખ કાચબા ઈંડા આપવા આવ્યા

એજન્સી દ્વારા

બેરહામપુર

આ વખતે ઓડિશાના દરિયાકિનારે આવું અદ્ભુત નજારો જોવા મળ્યો, જેણે બધાને ચોંકાવી દીધા. અહીં ઓલિવ રિડલે કાચબાનો મેળો ભરાયો હતો અને તેઓએ લાખો ઈંડા મૂકીને નવો રેકોર્ડ બનાવ્યો હતો. ગંજમ જિલ્લાના રુશિકુલ્યા રોકરીમાં આ વખતે ૬.૮૨ લાખથી વધુથી કાચબાએ ઈંડા મૂકીને ગયા વર્ષનો પણ રેકોર્ડ તોડી નાખ્યો છે. IAS સુપ્રિયા સાહુએ ૧૯ ફેબ્રુઆરીએ X પર વીડિયો પોસ્ટ કરતા કહ્યું હતું કે, ’ઓડિશામાં પ્રકૃતિનો અદ્ભુત નજારો જોવા મળી રહ્યો છે. લગભગ ૩ લાખ ઓલિવ રિડલે કાચબા માસ નેસ્ટીંગ માટે અહીં આવ્યા છે, જે અરિબાડા તરીકે ઓળખાય છે. આ એક દુર્લભ ઘટના છે. આ કાચબાઓ દરિયાઈ જીવસૃષ્ટિની જાળવણીમાં મહત્ત્વની ભૂમિકા ભજવે છે અને તેમનુ પરત આવવું એ સ્વસ્થ રહેઠાણની આશાસ્પદ નિશાની છે. ઓડિશાના બેરહામપુર ડિવિઝનલ ફોરેસ્ટ ઓફિસર સન્ની ખોકરેના જણાવ્યા અનુંસાર અત્યાર સુધીમાં ૬.૮૨ લાખથી વધુ ઓલિવ રિડલે કાચબાએ બીચ પર ઈંડા મૂક્યા છે. આ સંખ્યા ૨૦૨૩માં ૬.૩૭ લાખ દરિયાઈ પ્રજાતિઓના આગમનના અગાઉના રેકોર્ડને વટાવી ગઈ છે.

સૂત્રોએ જણાવ્યું હતું કે, ૨૦૨૩માં ૨૩ ફેબ્રુઆરીથી ૨ માર્ચ સુધીના ૮ દિવસના સામૂહિક માળખા દરમિયાન કુલ ૬,૩૭,૦૦૮ કાચબાએ ઈંડા મૂક્યા હતા, જ્યારે ૨૦૨૨માં ૫.૫૦ લાખ કાચબાએ ઈંડા મૂક્યા હતા. તેમજ હાલ જગ્યા આ બીચ વન વિભાગની કડક દેખરેખ હેઠળ રાખવામાં આવ્યો છે.

નિષ્ણાતો કહે છે કે માસ નેસ્ટીંગ માટે દરિયાકિનારા પર ઓલિવ રિડલે કાચબાના રેકોર્ડ સંખ્યામાં આવવાનું મુખ્ય કારણ અનુકૂળ આબોહવા છે. વાઈલ્ડલાઈફ ઈન્સ્ટિટ્યૂટ ઑફ ઈન્ડિયા (WII), દેહરાદૂનના વરિષ્ઠ વૈજ્ઞાનિક બિવાસ પાંડવે જણાવ્યું હતું કે, ’આ વર્ષે, સારી આબોહવાના કારણે રુશિકુલ્યા નદીના મુખ પર વધુ સંખ્યામાં કાચબાએ ઈંડા મુક્યા છે. રુશિકુલ્યા નદી કાચબા માટે મુખ્ય આશ્રયસ્થાન તરીકે ઉભરી રહી છે.’ એક વરિષ્ઠ વૈજ્ઞાનિકના કહેવા અનુસાર, ZSI વૈજ્ઞાનિકોએ અત્યાર સુધીમાં ૩૩૦ થી વધુ ઓલિવ રિડલે કાચબાને શોધી કાઢ્યા છે જેઓ ફરીથી અહીં આવ્યા છે.

કારણ કે આ કાચબાને ૨૦૨૧-૨૩ના સમયગાળામાં રૅજી-ટેગ કરવામાં આવ્યા હતા.

ખલ્લીકોટ રેન્જ ઓફિસરે જણાવ્યું હતું કે, ’સરકારે નવા વિસ્તારોને વાડ કરી છે કારણ કે આ વખતે કાચબાઓએ ન્યુ પોદામપેટાથી પ્રયાગી સુધીના લગભગ ૯ કિલોમીટરના વિસ્તારમાં માસ નેસ્ટીંગ કર્યું છે. તેમણે કહ્યું કે આ વાડ ઈંડાને શિકારીઓથી બચાવવા માટે લગાવવામાં આવી છે. અમે ઈંડાની સુરક્ષા માટે સંપૂર્ણ સાવચેતી રાખી છે.’



નેશનલ પ્રોગ્રામ ફોર પ્રિવેન્શન એન્ડ કંટ્રોલ ઓફ નોન કોમ્યુનીકેબલ ડીસીઝ (NP-NCD) અંર્તગત મહીસાગર જીલ્લાના લોકોના જીવનની ગુણવત્તા સુધારવા માટે આરોગ્ય વિભાગ દ્વારા ૨૦ ફેબ્રુઆરી ૨૦૨૫ થી ૩૧ માર્ચ ૨૦૨૫ સુધી બી.પી. (બ્લડ પ્રેશર), ડાયાબીટીસ(સુગર)ની નોંધણી માટેની મેગા ડ્રાઇવ યોજાઇ રહેલ છે

આ ઝુંબેશમાં નાગરિકોને આરોગ્ય તપાસ કરાવવાની અપીલ કરતા મહીસાગર જિલ્લા વિકાસ અધિકારીશ્રી યુવરાજ સિદ્ધાર્થે જણાવ્યું હતું કે ૩૦ વર્ષ કે તેથી વધુ વયના વ્યક્તિએ નજીકના આયુષ્યમાન આરોગ્ય મંદિર, સામુહિક આરોગ્ય કેન્દ્ર અને જીલ્લા હોસ્પિટલની મુલાકાત લઈ ડાયાબિટીસ અને હાયપરટેન્શનની તપાસ અચૂક કરાવવી જોઈએ. બી.પી.(બ્લડ પ્રેશર), ડાયાબીટીસ (સુગર)ની દવા સામાન્ય રીતે રોજે રોજ લેવી પડે એવી હોય છે. જો આ બન્ને રોગમાં દવા નિયમીત લેવામાં ન આવે તો મગજ, હૃદય, કિડની, લીવર, ફેફસા, આંતરડા જેવા ખૂબ જ અગત્યના અંગોને ગંભીર નુકશાન થાય છે.જેના કારણે જીવનભરની અપંગતા આવે અને મૃત્યુ પણ થઈ શકે છે. આથી સરકારશ્રી દ્વારા બન્ને રોગોની દવા નિરંતર તમને નિશુલ્ક પુરી પાડી શકે તે માટે અચુક નોંધણી કરાવો.

૩૦ વર્ષ કે તેથી વધુ વયના તમામ લોકોએ આરોગ્ય કાર્યકર પાસે પોતાનું બી.પી.(બ્લડ પ્રેશર), ડાયાબીટીસ(સુગર) વર્ષમાં ૨ વાર અચુક તપાસ કરાવવી જોઈએ. જે તમે નજીકના કોઈપણ આરોગ્ય કેન્દ્ર/સરકારી દવાખાને તમે નિઃશુલ્ક કરાવી શકો છો એ નાગરિકોનો અધિકાર છે.` અત્રે નોંધનીય છે કે મહીસાગર જિલ્લા આરોગ્ય વિભાગ દ્વારા ૩૦ કે તેથી વધુ ઉંમરના તમામ આશરે ૫,૪૮,૯૬૬ ના નાગરિકો માટે આરોગ્ય ટીમ ઘરે ઘરે મુલાકાત લઈને તપાસ, નિદાન કરશે અને શોધાયેલ દર્દીઓને સારવાર હેઠળ મુકવામાં આવશે.

# નરેન્દ્ર મોદી ચૂંટણી લાભ માટે બિહાર આવી રહ્યા છે : તેજસ્વી યાદવ

એજન્સી દ્વારા

પટણા,તા.૨૩

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી ૨૪ ફેબ્રુઆરીએ બિહારની મુલાકાતે જવાના છે. આ અંગે આરજેડી નેતા તેજસ્વી યાદવે કહ્યું કે દરરોજ કોઈને કોઈ આવશે. દિલ્હીની ચૂંટણીઓ પૂર્ણ થઈ ગઈ છે. બધા બિહાર આવી રહ્યા છે.

આ લોકોને બિહાર અને તેના લોકો સાથે કોઈ લેવાદેવા નથી. તેઓ ફક્ત સત્તામાં રહેવા માટે આવી રહ્યા છે. તેમને બીજી કોઈ વાતની પરવા નથી. શું તેઓ બિહારને ફેક્ટરીઓ આપવા આવી રહ્યા છે? શું તે બિહારમાં સ્થળાંતર રોકવા આવી રહ્યા છે? તેઓ ફક્ત પોતાના સ્વાર્થ માટે આવી રહ્યા છે.

તેજસ્વી યાદવે કહ્યું કે તેઓ સત્તામાં રહેવા માટે યુક્તિઓ, વ્યવહાર અને સંચાલનનો ઉપયોગ કેવી રીતે કરવો તે શીખવા માટે બિહાર આવી રહ્યા છે. શું તેઓ મોંઘવારી અને બેરોજગારીનો અંત લાવવા બિહાર આવી રહ્યા છે? દરરોજ, કોઈને કોઈ વ્યક્તિ કૂદીને બિહાર આવી રહી છે. તેમને બિહાર અને બિહારના લોકો સાથે કોઈ લેવાદેવા નથી.

તમને જણાવી દઈએ કે દિલ્હી વિધાનસભા ચૂંટણી પછી, બિહારમાં આગામી વિધાનસભા ચૂંટણી યોજાવાની છે. ચૂંટણીની જાહેરાત થવામાં હજુ ઘણો સમય છે પરંતુ રાજકીય પક્ષો ચૂંટણી અંગે અલગ અલગ નિવેદનો આપી રહ્યા છે. આ બધા વચ્ચે, તાજેતરમાં રાષ્ટ્રીય જનતા દળના નેતા અને ભૂતપૂર્વ મુખ્યમંત્રી લાલુ પ્રસાદ યાદવના મોટા પુત્ર તેજ પ્રતાપ યાદવે આગામી બિહાર વિધાનસભા ચૂંટણી અંગે એક મોટી આગાહી કરી છે. તેજ પ્રતાપ યાદવે દાવો કર્યો છે કે આરજેડી નેતા તેજસ્વી યાદવ ટૂંક સમયમાં બિહારના મુખ્યમંત્રી બનશે. મીડિયા સાથે વાત કરતા તેજ પ્રતાપ યાદવે કહ્યું કે તેજસ્વી યાદવ મુખ્યમંત્રી બનવા જઈ રહ્યા છે અને પલટુ રામ ટૂંક સમયમાં ગાદી પરથી મુક્ત થશે. આ મારી આગાહી છે કે તેજસ્વી યાદવ મુખ્યમંત્રી બનવાના છે. લલ્લન સિંહનું સ્વપ્ન ખૂબ જ ટૂંક સમયમાં નિષ્ફળ જવાનું છે.

બિહારમાં વિધાનસભા ચૂંટણી ૨૦૨૫ના અંતમાં યોજાવાની છે. તમને જણાવી દઈએ કે નીતિશ કુમારના નેતૃત્વ હેઠળની વર્તમાન સરકારનો કાર્યકાળ ૨૩ નવેમ્બર ૨૦૨૦ થી શરૂ થયો હતો. વર્તમાન સરકારનો કાર્યકાળ ૨૨ નવેમ્બર ૨૦૨૫ સુધી છે.

અંદાજ મુજબ, બિહારમાં ચૂંટણી માટે મતદાન નવેમ્બર મહિનાની શરૂઆતમાં થશે. બિહારમાં, મુખ્ય સ્પર્ધા ભાજપ, જેડીયુ, એલજેપી (રામ વિલાસ), જીતન રામ માંઝી અને ઉપેન્દ્ર કુશવાહાની પાર્ટીના એનડીએ અને આરજેડી અને કોંગ્રેસના મહાગઠબંધન વચ્ચે છે. અગાઉ, આરજેડી નેતા તેજસ્વી યાદવે ૧૩૭ ગુનાઓની યાદી જાહેર કરી હતી, જેના પર કેન્દ્રીય મંત્રી રાજીવ રંજન (લલન) સિંહે કહ્યું હતું કે, ‘‘ગુનો શું છે? સામાન્ય ઘટનાઓ ગુનાઓ છે. તમારા માતા-પિતાના શાસનકાળ પર નજર નાખો, જાણો કે પહેલા કેટલા ગુના થતા હતા? અપહરણ ઉદ્યોગ ચાલી રહ્યો હતો, ખંડણી ક્યાંથી વસૂલવામાં આવતી હતી? આ વિશે પણ જ્ઞાન મેળવો, હવે તેમનું જ્ઞાન ક્યાં છે. અનુભવનો અભાવ છે, થોડો અનુભવ મેળવો. તેઓ ફક્ત આ પ્રકારનું કોઈ પેપર બહાર પાડીને મુખ્યમંત્રી પદ મેળવવાના નથી.

# કોચીમાં આઈઆરએસ અધિકારી, તેમની માતા અને બહેનનું મૃત્યુ

એજન્સી દ્વારા

કોચી

સેન્ટ્રલ એક્સાઈઝ અને કસ્ટમ્સ વિભાગના એક વરિષ્ઠ અધિકારી, તેમની માતા અને બહેન, બંને ઝારખંડના રહેવાસીઓના રહસ્યમય મૃત્યુની તપાસ કરી રહેલી પોલીસ ટીમે તેમના મૃત્યુનું સાચું કારણ શોધવા માટે તેની તપાસ વધુ તીવ્ર બનાવી છે. મૃતકોની ઓળખ ભારતીય મહેસૂલ સેવાના અધિકારી અને કોચીમાં સેન્ટ્રલ બોર્ડ ઓફ એક્સાઈઝ એન્ડ કસ્ટમ્સના વધારાના કમિશનર મનીષ વિજય (૪૩), તેમની બહેન શાલિની વિજય અને તેમની માતા શકુંતલા અગ્રવાલ તરીકે થઈ છે.

પોલીસ સૂત્રોએ જણાવ્યું હતું કે મનીષની બહેન શાલિનીને તાજેતરમાં કોર્ટ તરફથી સમન્સ મળ્યું હતું, જેમાં તેમને સીબીઆઈ દ્વારા તપાસ કરાયેલા કેસના સંદર્ભમાં ૧૫ ફેબ્રુઆરીએ ઝારખંડની કોર્ટમાં હાજર રહેવાનો નિર્દેશ આપવામાં આવ્યો હતો. ઝારખંડ સરકારની સેવામાં તેમની નિમણૂકમાં અનિયમિતતા સંબંધિત કેસમાં તેણી આરોપી હતી. મનીષ અને શાલિનીના મૃતદેહ ફાંસી પર લટકેલા મળી આવ્યા હતા, જ્યારે શકુંતલા તેના પલંગ પર મૃત હાલતમાં મળી આવી હતી. શકુંતલાના શરીરને સફેદ કપડામાં લપેટીને તેના પર ફૂલો ચઢાવવામાં આવ્યા હતા.

પોલીસના જણાવ્યા અનુસાર, પ્રાથમિક તપાસમાં ભાઈ-બહેનની જોડીએ આત્મહત્યા કરી હોવાનું જણાય છે.

જોકે, એક વરિષ્ઠ અધિકારીએ જણાવ્યું હતું કે તેમની માતાના મૃત્યુનું ચોક્કસ કારણ પોસ્ટમોર્ટમ પછી જ જાણી શકાશે. પોલીસને જાણવા મળ્યું છે કે મનીષે ૧૪ ફેબ્રુઆરીએ ફૂલો ખરીદ્યા હતા. અધિકારીએ જણાવ્યું હતું કે પોલીસને મનીષની ડાયરીમાં ૧૫ ફેબ્રુઆરીની એક એન્ટ્રી પણ મળી છે, જેમાં કેટલાક દસ્તાવેજો તેની નાની બહેનને સોંપવાની સૂચના આપવામાં આવી હતી જે હાલમાં દુબઈમાં છે. પોલીસે જણાવ્યું હતું કે તેની નાની બહેન શનિવારે કોચી પહોંચશે, ત્યારબાદ તેના મૃતદેહનું પોસ્ટમોર્ટમ કરવામાં આવશે. તપાસકર્તાઓ તમામ પાસાઓની તપાસ કરી રહ્યા હોવા છતાં, તેઓ હજુ સુધી મૃત્યુ અને કેસ વચ્ચે કોઈ સીધો સંબંધ સ્થાપિત કરી શક્યા નથી. એક અધિકારીએ જણાવ્યું, ‘‘જો માતાનું મૃત્યુ કુદરતી હોવાનું જાણવા મળે, તો ભાઈ-બહેનોની આત્મહત્યા શોકને કારણે હોઈ શકે છે.

હાલમાં, અમારું ધ્યાન પોસ્ટમોર્ટમ દ્વારા મૃત્યુનું કારણ પુષ્ટિ કરવા પર છે. ગુડ્સ એન્ડ સર્વિસ ટેક્સના વધારાના કમિશનર મનીષ વિજય અહીં કક્કનાડુમાં સરકારી નિવાસસ્થાને રોકાયા હતા. અધિકારી થોડા દિવસ માટે રજા પર હતા, પરંતુ જ્યારે તેઓ કામ પર પાછા ન ફર્યા, ત્યારે તેમના સાથીદારો ગુરુવારે રાત્રે તેમના ઘરે પહોંચ્યા. જ્યારે તેને દુર્ગંધ આવી ત્યારે તેણે ખુલ્લી બારીમાંથી જોયું તો એક મૃતદેહ ફાંસી પર લટકતો હતો. આ પછી તાત્કાલિક પોલીસને જાણ કરવામાં આવી અને જ્યારે તેઓ ઘરમાં પ્રવેશ્યા ત્યારે તેમને વધુ બે મૃતદેહ મળ્યા.

# ઓસ્ટ્રેલિયા અને ચીન વચ્ચે ઉગ્ર સંઘર્ષ, કેનબેરામાં સમુદ્ર ઉપર ઉડી રહેલા ફાઈટર પ્લેન

એજન્સી દ્વારા

મેલબોર્ન

ઓસ્ટ્રેલિયા અને ચીન વચ્ચે હવે તણાવ છે. ચીની સેનાના પરમાણુ લશ્કરી કવાયતો સામે ઓસ્ટ્રેલિયાના ફાઈટર જેટ હવે તાસ્માન સમુદ્ર પર પોતાની તાકાત બતાવી રહ્યા છે. પરંતુ ચીન આનાથી નારાજ છે. ઓસ્ટ્રેલિયાના સંરક્ષણ પ્રધાન રિચાર્ડ માર્લ્સે જણાવ્યું હતું કે ચીની નૌકાદળે ચેતવણી આપી હતી કે ઓસ્ટ્રેલિયા અને ન્યુઝીલેન્ડ વચ્ચે તાસ્માન સમુદ્ર ઉપર ઉડતા વિમાનો ગુપ્ત "લાઈવ-ફાયર" કવાયત પર ઉડી રહ્યા હતા.

તમને જણાવી દઈએ કે નિયમનકાર ’એર સર્વિસીસ ઓસ્ટ્રેલિયા’ એ બંને દેશો વચ્ચેના હવાઈ ક્ષેત્રમાં સંભવિત જોખમ અંગે વાણિજ્યિક પાઈલટ્સને ચેતવણી આપી છે. ઓસ્ટ્રેલિયાના પૂર્વ કિનારા પર ત્રણ ચીની યુદ્ધ જહાજો કવાયત કરી રહ્યા હતા ત્યારે આ ચેતવણી આપવામાં આવી હતી, પરંતુ માર્લ્સે જણાવ્યું હતું કે ઓસ્ટ્રેલિયન અધિકારીઓને ઓસ્ટ્રેલિયા અને ન્યુઝીલેન્ડ વચ્ચેના આંતરરાષ્ટ્રીય પાણીમાં ચીનની "લાઈવ ફાયરિંગ" યોજનાઓ વિશે ફક્ત એરલાઈન્સ પાસેથી જ ખબર પડી હતી. "આપણે સ્પષ્ટ કહી દઈએ કે, ચીન તરફથી કોઈ સૂચના આપવામાં આવી ન હતી," માર્લ્સે પર્થમાં ઓસ્ટ્રેલિયન બ્રોડકાસ્ટિંગ કોર્પ રેડિયોને જણાવ્યું. "ચીને એક સૂચના જારી કરી હતી કે તેનો ઈરાદો ’લાઈવ ફાયરિંગ’ કરવાનો છે.

આનો અર્થ એ છે કે તાસ્માન સમુદ્ર ઉપર ઉડતી એરલાઈન્સ અથવા ખરેખર વાણિજ્યિક વિમાનો દ્વારા પ્રસારણ સાંભળવામાં આવ્યું હતું.

# સીસીટીવી લીકેજ કેસોમાં સાયબર ટેરરીઝમની કલમ ઉમેરનાર ગુજરાત સૌ પ્રથમ રાજ્ય છે : હર્ષ સંઘવી

ગાંધીનગર

મહિલા દર્દીઓની સારવારના સીસીટીવી વિડીયો વાયરલ થવાની ઘટના સંદર્ભે જાહેર અગત્યની બાબત પર વિધાનસભા ગૃહમાં જવાબ આપતા ગૃહ રાજ્યમંત્રી હર્ષ સંઘવી. વિધાનસભા ગૃહમાં રાજકોટની ખાનગી મેટરનીટી હોમમાં મહિલા દર્દીઓની સારવારના સીસીટીવી વીડિયો વાયરલ થવાની ઘટના સંદર્ભે જાહેર અગત્યની બાબત પર જવાબ આપતા ગૃહરાજય મંત્રી હર્ષ સંઘવીએ જણાવ્યુ કે, આ સમગ્ર ઘટનામાં જે પ્રારંભિક બાબત સામે આવી હતી તે મુજબ હોસ્પિટલના સંચાલકો અને ૨-૪ કર્મચારીઓની સામે ગુનો દાખલ કરીને તેમની ધરપકડ કરી પોલીસ સરળતાથી ફાઈલ ક્લોઝ કરી શકતી હતી. પરંતુ આપણી ગુજરાત પોલીસ ક્યારેય નિર્દોષને પકડીને ફાઈલ ક્લોઝ કરતી નથી, આપણી પોલીસે આ બાબતને ખુબ જ ગંભીરતાથી લઈને બારીકાઈથી તપાસ શરૂ કરી ત્યારે બહાર આવ્યુ કે, આ તો ખુબ મોટુ નેટવર્ક છે. ઈન્ટરનેટની મદદથી સુરક્ષા અને સર્વેલન્સના આ યુગમાં લાખો ઝઝ્ફ લાગેલા હોય છે ત્યારે આ હેકર્સ દેશના હજારો કેમેરાઓ હેક કરીને એક દેશ વ્યાપી ષડયંત્ર કરે તે પહેલા જ આપણી ગુજરાત પોલીસે આ રેકેટના મુળ સુધી પહોંચીને મુખ્ય સુત્રધારોને પકડીને આ ષડયંત્રનો પર્દાફાશ કર્યો છે.

મંત્રી સંઘવીએ કહ્યું કે, ટેક્નોલોજીના આ યુગમાં સામાન્ય બેદરકારી પણ બહુ મોટુ નુક્શાન કરી શકે છે ત્યારે સીસીટીવી કેમેરા સાથે જોડેલા વાઈફાઈનો ઓપન કે વીક પાસવર્ડ તથા નબળા સિક્યુરીટી સેટીંગ હેકર્સ માટે વિડીયો હેક કરવા આસાન કરી દે છે. ટેક્નોલોજીની કેટલીક એરરનો આવા તત્વો લાભ લેતા હોય છે. ગુજરાત પોલીસ દ્વારા આ બાબતે સતત અવેરનેસ ફેલાવવામાં આવતી હોય છે, પ્રજાના સૌ પ્રતિનિધિઓને પણ આ અવેરનેસ કાર્યમાં જોડાવવા મંત્રીએ અપીલ કરી હતી.મંત્રી હર્ષ સંઘવીએ ઘટનાક્રમની વિગતો આપતા કહ્યુ કે, તા.૧૭મી ફેબ્રુઆરી-૨૦૨૫ના રોજ સાંજે ટેલિગ્રામ ગ્રુપમાં કોઈ હોસ્પીટલ, રૂમના સ્ત્રી દર્દીના ઈંજેકશન અને એકઝામીનેશનને લગતા વિડીયો અપલોડ થયાની બાબત ધ્યાને આવતા મહિલાઓની સુરક્ષાની ગંભીરતા લઈને તાત્કાલિક અમદાવાદ શહેર સાયબર ક્રાઈમ પોલીસ સ્ટેશનમાં સામેથી પોલીસે ફરીયાદી બનીને ôéંઈ દાખલ કરી હતી. તપાસમાં રાજકોટનો બનાવ હોવાની બાબત ધ્યાને આવતા ટીમ મોકલીને તાત્કાલીક એનાલીસીસ કરાવી લેવાયુ.

પોલીસે કરેલી બારીક તપાસ અંગે મંત્રીએ ઉમેર્યુ કે, ગુજરાત પોલીસે આ ઘટનાની ઉંડાણપૂર્વક તપાસ શરૂ કરીને પોતે એક ગ્રાહકની માફક ટેલિગ્રામ ગ્રુપના સભ્ય બનીને તે ગ્રુપમાં જોડાઈને એકત્ર કરેલી માહિતીને આધારે મુખ્ય સુત્રધારો સુધી પહોંચી પોલીસે મહારાષ્ટ્રના સાંગલી, લાતુર અને યુ.પીના પ્રયાગરાજ અલગ-અલગ ટીમો મોકલીને ૩ હજાર કિ.મી દૂરથી આરોપીઓને ૪૮ કલાકમાં દબોચી લીધા. એટલુ જ નહિ, સીસીટીવી લીકેજ કેસોમાં સૌ પ્રથમ વખત સાયબર ટેરરીઝમની કલમ ઉમેરનાર ગુજરાત સૌ પ્રથમ રાજ્ય છે. રાજ્ય સરકાર દ્વારા આ કેસમાં સ્પે.પબ્લિક પ્રોસિક્યુટરની નિમણૂંક કરી ડે ટૂ ડે કેસ ચાલે તે માટે ફાસ્ટ ટ્રેક કોર્ટમાં કેસ ચલાવવા પણ કાર્યવાહી શરૂ કરી દેવામાં આવી છે.

મંત્રીએ ઉમેર્યુ કે,સીસીટીવી હેક કરનાર આ આરોપીઓ યુરોપીયન દેશો એટલાન્ટા, રોમાનીયા, જ્યોર્જીયા, જાપાન જેવા દેશોના વીપીએનનો ઉપયોગ કરીને પોતાની ઓળખ છુપાવતા હતા. ટેલીગ્રામ ગૃપમા આ લોકો ૨૨ અલગ અલગ ચેનલ ચલાવતા હતા અને અશ્લીલ વીડીયોના મેનુ કાર્ડ ગૃપમા રાખતા હતા. ૨ મુખ્ય હેકર્સે આશરે ૫૦ હજાર કરતા વધારે સીસીટીવી છેલ્લા ૮ મહીનામાં હેક કર્યા છે, આ વિડીયોઝ ભારતના તમામ રાજ્યના હતા. જેમા કોર્પોરેટ ઓફીસ, સ્કુલ, કોલજ, મૂવી થીયેટર તથા ઘરના અંગત વિડીયોઝ આ લોકોએ હેક કર્યા છે. પોલીસે તમામ આરોપીના બેક્ક એકાઉન્ટ ફ્રીઝ કર્યા છે, ટેલીગ્રામ ચેનલ કે જેમા તમામ ગેરકાયદેસર પ્રવૃતિ ચાલે છે તેને પણ નોટિસ આપી છે. તમામ સોશ્યલ મીડીયા ચેનલને આવા વિડીયો ન મૂકવા અને મૂક્યા હોય તો દૂર કરવા નોટિસ આપી છે.

# સોમનાથનો પ્રસાદ હવે ઘરે પણ મંગાવી શકાશે

પ્રતિનિધિ દ્વારા

સોમનાથ

મહાશિવરાત્રી પર મહાદેવની આરાધના કરવાનો વિશેષ મહિમા છે. દરેક વ્યક્તિ ભગવાન શિવના જ્યોતિર્લિંગ સ્વરૂપના દર્શન કરવા અને આશીર્વાદ સ્વરૂપે પ્રસાદ મેળવવાની ઈચ્છા રાખે છે પરંતુ કેટલાક ભક્તો ઈચ્છવા છતાં દર્શન કરી શકતા નથી તેમના માટે પોસ્ટ વિભાગે નવીન પહેલ શરૂ કરી છે એટલે હવે ભક્તોએ નિરાશ થવાની જરૂર નથી.

પોસ્ટ વિભાગની સ્પીડ પોસ્ટ સેવા દ્વારા, નાગરિકો દેશના કોઈપણ ખૂણામાં, ગુજરાતના સોમનાથ મંદિર, વારાણસીના કાશી વિશ્વનાથ મંદિર અને ઉજ્જૈનના મહાકાલેશ્વર મંદિર નો પ્રસાદ ઘરે બેઠા મેળવી શકે છે. ઉપરોક્ત માહિતી ઉત્તર ગુજરાત તથા સૌરાષ્ટ્ર અને કચ્છ પરિક્ષેત્રના પોસ્ટમાસ્ટર જનરલ શ્ કૃષ્ણ કુમાર યાદવે આપી. આ ઉપરાંત, મહાશિવરાત્રી પર પોસ્ટ ઓફિસમાંથી ગંગાજળની સુવિધા પણ ઉપલબ્ધ છે. ૨૫૦ મિલી ગંગાજળની બોટલ ફક્ત ૩૦ રૂપિયામાં મેળવી શકાય છે.

પોસ્ટમાસ્ટર જનરલ કૃષ્ણ કુમાર યાદવે જણાવ્યું કે સોમનાથ ટ્રસ્ટે ભારતીય ટપાલ વિભાગ સાથે ભક્તોને તેમના ઘરે પ્રસાદ પહોંચાડવા માટે કરાર કર્યો છે. આ કરાર હેઠળ, કોઈપણ ભક્ત ?૨૭૦ નો ઈ-મની ઓર્ડર મેનેજર, શ્રી સોમનાથ ટ્રસ્ટ, પ્રભાસ પાટણ, જિલ્લો- જૂનાગઢ, ગુજરાત- ૩૬૨૨૬૮ ને મોકલીને સ્પીડ પોસ્ટ દ્વારા પ્રસાદ મંગાવી શકે છે. ઈ-મની ઓર્ડર પર ''પ્રસાદ માટે બુકિંગ'' લખેલું હોવું જોઈએ. ત્યારબાદ, શ્રી સોમનાથ ટ્રસ્ટ સંબંધિત ભક્તને સ્પીડ પોસ્ટ દ્વારા પ્રસાદનું ૪૦૦ ગ્રામનું પેકેટ મોકલશે. આ પ્રસાદમાં ૨૦૦ ગ્રામ મગસના લાડુ, ૧૦૦ ગ્રામ તલની ચીક્કી અને ૧૦૦ ગ્રામ માવા ચીક્કી હશે.

કાશી વિશ્વનાથ મંદિરનો પ્રસાદ પણ સ્પીડ પોસ્ટ સેવા દ્વારા દેશભરના લોકોને ઉપલબ્ધ કરાવવામાં આવી રહ્યો છે. આ અંતર્ગત, ફક્ત ?૨૫૧ નો ઈ-મની ઓર્ડર સિનિયર સુપરિન્ટેન્ડેન્ટ પોસ્ટ ઓફિસ, વારાણસી (પૂર્વ) ડિવિઝન- ૨૨૧૦૦૧ ના નામે મોકલવાનો રહેશે. ઈ-મની ઓર્ડર મળ્યા પછી, પોસ્ટલ વિભાગ દ્વારા પ્રસાદ તરત જ સ્પીડ પોસ્ટ દ્વારા આપેલા સરનામે મોકલવામાં આવશે.

# સુરેન્દ્રનગર જિલ્લામાં તા. ૩૧ માર્ચ સુધી નિઃશુલ્ક આરોગ્ય ચકાસણી ઝુંબેશ યોજાશે

સુરેન્દ્રનગર

આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રાલય, ભારત સરકાર દ્વારા ૩૧- માર્ચ ૨૦૨૫ સુધીમાં દેશમાં ૩૦ કે તેથી વધુ ઉંમરના તમામ વ્યક્તિઓનું ડાયાબિટીસ, હાઈપરટેન્શન અને ત્રણ કેન્સર (મોં, સ્તન અને સર્વાઈકલ) માટે સ્ક્રીનીંગ કરવાનું મહત્વકાંક્ષી લક્ષ્ય નિર્ધારિત કરવામાં આવ્યું છે જેના ભાગરૂપે સુરેન્દ્રનગર જિલ્લામાં આગામી તા.૨૦ ફેબ્રુઆરી, ૨૦૨૫ થી ૩૧ માર્ચ, ૨૦૨૫ સુધી જિલ્લાના આયુષ્માન આરોગ્ય મંદિરો **(AAM)**,શહેરી/ગ્રામીણ પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો **(PHC-UHC)**, અર્બન આયુષ્માન આરોગ્ય મંદિરો **(U-AAM)**, સામુહિક આરોગ્ય કેન્દ્રો-સબ ડિસ્ટ્રીક્ટ હોસ્પિટલ-ડિસ્ટ્રીક્ટ હોસ્પિટલ **(CHC-SDH-DH)**, **NCD** ક્લિનિક ખાતે સઘન **NCD** સ્ક્રીનીંગ ઝુંબેશ સ્વરૂપે કામગીરી શરૂ કરી ૩૦ વર્ષથી વધુ ઉંમરના નાગરિકોનું **NCD** સ્ક્રીનીંગ કરવામાં આવશે.

આ તકે મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી શ્રી ડો.બી.જી.ગોહિલે જણાવ્યું હતું કે, બી.પી અને ડાયાબીટીસ નોંધણીની મેગા ઝુંબેશ અંતર્ગત જિલ્લા પંચાયત, આરોગ્ય વિભાગ, સુરેન્દ્રનગર દ્વારા જિલ્લાની વિવિધ સરકારી આરોગ્ય સંસ્થાના તાલુકા આરોગ્ય અધિકારી તથા અધિક્ષકને ઝુંબેશ દરમિયાન કરવાની થતી વિવિધ કામગીરી અંગે જરૂરી માર્ગદર્શન આપવામાં આવ્યું છે. બિન-ચેપી રોગો અંગે જનજાગૃતિ વધારવા તેમજ મહત્તમ જન-સમુદાય માટે **NCD** સ્ક્રીનીંગ ઝુંબેશ થકી અનેક પ્રવૃતિઓ સરકારી આરોગ્ય કેન્દ્રો ખાતે હાથ ધરવામાં આવશે. જેમાં શહેરી/ગ્રામીણ કક્ષાએ આશા વર્કર, આરોગ્ય કર્મચારીઓ અને આયુષ્માન આરોગ્ય મંદિરની ટીમ દ્વારા **દ્રઝ્ઙ** સ્ક્રીનીંગ કે, જેમાં ડાયાબીટીસ અને હાઈપરટેન્શન (બી.પી.) તપાસ કરી નોંધણી કરવામાં આવશે. તમામ સરકારી આરોગ્ય સંસ્થાઓ ખાતે નવા નિદાન પામેલા અને ફોલો-અપ કેર માટેના દર્દીઓને પ્રોટોકોલ મુજબની એક માસની દવાઓ વિનામુલ્યે આપવામાં આવશે. આ કામગીરીનો ડેટા રેકોર્ડ/રીપોર્ટીંગ ભારત સરકારના નેશનલ એન.સી.ડી. પોર્ટલ મારફતે અદ્યતન કરી નોંધણી કરવામાં આવશે.

તદુપરાંત, તમામ આરોગ્ય સંસ્થાઓ ખાતે આ ઝુંબેશ બાદ પણ નિયમિત રીતે આગામી એપ્રિલ-૨૫ માસથી સાપ્તાહિક બે દિવસ દર મંગળવાર અને શુક્રવારના રોજ આયુષ્માન આરોગ્ય મંદિરો **(AAM)** ખાતે **NCD** **M**ક્રીનીંગ,નિદાન, સારવાર અને ફોલો-અપ કામગીરી નિયમીત રીતે પુરી પાડવામાં આવશે. આ ઝુંબેશ થકી બિન-ચેપી રોગો સામે લાંબા ગાળાના સારા સ્વાસ્થ્ય પરિણામો મેળવી શકાશે અને ઉત્તમ આરોગ્ય સંભાળ થકી દર્દીઓના માસિક ખર્ચમાં ઘટાડો કરી શકાશે.ઉલ્લેખનીય છે કે, દેશમાં હાલની સ્થિતીએ બિન-ચેપી રોગોએ **(NCDs)** જીવલેણ બિમારી તરીકે ઉભરી રહ્યા છે. દેશના કોઈપણ ભૌગોલિક વિસ્તારની જન-સામાન્ય વસ્તી તથા કોઈપણ સામાજિક-આર્થિક સ્થિતિ ધરાવતી જનસંખ્યાના સ્ત્રી અને પુરુષ બંનેમાં સમાન રીતે તેમજ નાની વયની વ્યક્તિઓમાં પણ બિન-ચેપી **(NCDs)** રોગોનો વ્યાપ વધવા પામેલ છે. બિન-ચેપી રોગો **(NCDs)** ના અટકાવ,નિવારણ અને નિયંત્રણ માટેના રાષ્ટ્રીય કાર્યક્રમ હેઠળ ૩૦ કે તેથી વધુ વયની વસ્તીની ડાયાબિટીસ, હાયપરટેન્શન, મોં-સ્તન-ગર્ભાશયના કેન્સર માટેની તપાસ કરવી અત્યંત આવશ્યક છે, કારણ કે દેશની નોંધપાત્ર જનસંખ્યાની બિન-ચેપી રોગો માટેની તપાસ તથા નિદાન નહિ થવાથી સારવાર મેળવવાથી વંચિત રહે છે.

Printed, Published and Owned by SISODIYA VIJYABEN VARAJSINH and Printed at DHARTI PRINTERS : C/3, Celler, Shanker Chambers, Opp. Bata Showroom, Nr. H.K. House, Ashram Road, Ahmedabad-380009. and Published from "GURU KRUPA" RAJPUT PARA, NEAR MATAJI TEMPLE, MANI BAZAR, MALIA - 362245. DIST. JUNAGADH. EDITOR : HEMANSHU HARISHBHAI PATIL